બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, સાતમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''માટે જાઓ, તમારા મનને પૂછી જુઓ.'' (૨૯/૮૬) ➫ મહારાજ - મૂળજી અને કૃષ્ણજીને

➫ ત્યાગી થવા આવેલા મૂળજી અને કૃષ્ણજીને મહારાજ કહે છે ખાવા નહિ મળે, બાવા મારશે. ટાઢ-તડકો વેઠવો પડશે. એવા અનંત દુઃખ આવશે ને હેરાન થઈ જશો. માટે જાઓ, તમારા મનને પૂછી જુઓ.

૨. ''પણ આમાં તમારું નામ ક્યાં છે ?'' (૪/૧૨) ➫ અજા પટેલ - કલ્યાણદાસને

➫ કલ્યાણદાસને મહારાજના પત્રની ખબર પડતાં પત્ર માગીને વાંચ્યો અને તરત જ જવા માટેનું નક્કી કર્યું ત્યારે.

૩. ''તમોએ ઘણા જન્મ સુધી તપ કર્યું અને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું છે, તેનું ફળ તમોને આજે મળ્યું છે.'' (૧૬/૫૨)

➫ બ્રહ્મા- જેઠા મેરને ➫ શિવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવતાઓ, લક્ષ્મી, પાર્વતી વગેરે શક્તિઓ જેઠા મેરને દેખાય છે. તે વિવિધ પ્રકારે મહારાજની સેવા કરે છે. તે સમયે બ્રહ્મા કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **મછિયાવથી શ્રીજીમહારાજ જમ્યા વગર નીકળી ગયા. (૭/૧૭-૧૮)** મછિયાવ ગામના ફઈબાને તેમના દીકરાની વહુ સાથે અણબનાવ થયો હોવાથી તેને પિયર મોકલી દીધી હતી. વહુના માતા-પિતા સત્સંગી હોવાથી તેમણે શ્રીજીમહારાજને આ બાબત સમાધાન કરાવવા વિનંતી કરી. શ્રીજીમહારાજ બસો સંતો તથા હરિભક્તો સાથે મછિયાવ જવા નીકળ્યા. રસ્તામાં વહુનું ગામ મેલણા આવતું હોવાથી મહારાજે ત્યાં જઈને વહુને પૂછ્યું કે અમે કહીએ તેમ કરશો ? ત્યારે તેણે પોતાની સાસુ તથા શ્રીજીમહારાજ જેમ રાજી હોય તેમ કરવા વચન આપ્યું. તેથી શ્રીજીમહારાજ રાજી થયા અને મછિયાવ પધાર્યા. ફઈબાએ મછિયાવમાં ખૂબ ભવ્યતાથી મહારાજનું સ્વાગત કર્યું. શીરા-પુરીની રસોઈ કરાવી હતી. મહારાજને ફઈબા ઘરમાં તેડી લાવ્યા. દાદર ચડતાં મહારાજે તેમને વહુને તેડાવવાની વાત કરી. ફઈબાએ તેનો તરત જ ઈન્કાર કરી દીધો. મહારાજને સર્વોપરી અને સર્વ અવતારના અવતારી જાણતા હતાં છતાં સાસુ - વહુના ઝગડામાં તમને સમજ ન પડે તેમ કહી દીધું. શ્રીજીમહારાજને આ હઠ ન ગમી. તેથી છેલ્લે કહ્યું તમે અમારી વાત નહિ માનો તો અમે તથા સંતો હરિભક્તો જમ્યા વિના ચાલ્યા જઈશું. ત્યારે ફઈબાએ જણાવ્યું કે તમે ધણી છો ફાવે તેમ કરો પણ આ વાત નહિ જ બને. મહારાજ ફઈબાની આવી હઠ જોઈને નારાજ થઈ ગયા અને જમ્યા વિના સંતો સાથે મછિયાવથી ચાલી નીકળ્યા.

૨. **બંગાળ આશ્રમના મહંતે પાંચસો સોનામહોરોની રકમ શિષ્યોને આપી. (૨૦/૬૧,૬૨)** બંગાળના એક આશ્રમના મહંતે શ્રીજીમહારાજના મહિમાની વાતો સાંભળી. મહારાજની વાતો કરતા તીર્થવાસીઓની વાતચીતથી જ ઓસરીમાં શીતળ તેજ છવાઈ ગયું. જ્યારે વાતો બંધ થઈ કે પ્રકાશ અદૃશ્ય થઈ ગયો. મહંતે વિચાર્યું કે જેની વાત કરવામાં જ આવો અદ્‌ભૂત ઐશ્વર્ય પ્રતાપ જણાય છે તો તેમનામાં કેવું અપાર ઐશ્વર્ય હશે. આમ વિચારી પોતાના દસબાર શિષ્યોને સાથે લઈ દ્વારકાની યાત્રાએ નીકળ્યા. ફરતાં ફરતાં લોજમાં આવ્યા. અહીં સદાવ્રતમાં ભિક્ષા લેવા આવ્યા. મહારાજ સ્વયં ભિક્ષા આપતા હતા. તેમનાં દર્શન માત્રથી જ મહંતને સમાધિ થઈ અને તેમાં બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, ગોલોક વગેરે ધામોનાં દર્શન થયા. પછી અક્ષરધામમાં દિવ્ય સિંહાસન પર બિરાજમાન અનંતકોટિ મુક્તોથી વીંટળાયેલા, સ્તુતિ કરતા ને અપાર દિવ્ય ઐશ્વર્યયુક્ત એવા શ્રીજીમહારાજના દર્શન થયા. આ દર્શનથી તેમને અંતરમાં ખૂબ શાંતિ થઈ ગઈ. વૃત્તિ મહારાજમાં સ્થિર થઈ ગઈ. પછી સમાધિમાંથી જાગ્રત થઈ ઉતારે ગયા. ઉતારેથી એકલા જ મહારાજ પાસે આવી પ્રાર્થના કરી કે આપ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો, માટે મને આપની સેવામાં રાખો. તેમની પાસે પાંચસો સોનામહોર મહારાજની આજ્ઞા પ્રમાણે શિષ્યોને આપી સમજાવીને વિદાય કર્યા અને પોતે એકલા મહારાજ પાસે આવ્યા.

૩. **શ્રીજીમહારાજ ગણિકાના મહેલે પધાર્યા. (૧૧/૨૯ થી ૩૧)** શ્રીજીમહારાજે જેતલપુરમાં યજ્ઞ કર્યો. દરેક જણને બે મણ ઘઉં દળવા માટે આપ્યા. ગણિકાએ પણ ઘઉં દળવા માટે લીધા ને પોતાની જાતે ઘઉં દળ્યા. ઘઉં દળતાં તેના અંતરની મલિનતા દૂર

થઈ. લોકોની શંકાનું નિરાકરણ કરાવવા મહારાજે તેના હાથ બતાવવાનું કહ્યું. હાથ ઉપર સખત ફોલ્લા પડી ગયેલા અને લોહીના ટશિયા ફૂટેલા હાથ જોઈને સૌ સભાજનો સ્તબ્ધ થઈ ગયા. શંકાનું નિવારણ થઈ ગયું. મહારાજે તેનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થશે તેવા આશીર્વાદ આપ્યા. તે બાઈના આમંત્રણથી શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે તેના મહેલે પધાર્યા.

૪. **કૃપાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને તેમની પાસે રાખવા માટે કહેવરાવ્યું નહિ. (૧૭/૫૩-૫૪)** કૃપાનંદ સ્વામીને શ્રીજીમહારાજને વિષે અસાધારણ હેત હતું કે જ્યારે છૂટા પડવાનો પ્રસંગ આવે ત્યારે મહારાજના વિરહથી તેમના રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા ફૂટતા, આખું શરીર લોહીવાળું થઈ જતું. એક વખત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ તેમને કહ્યું : 'તમને છૂટા પડતાં આટલું દુઃખ થાય છે, તો નાજા જોગિયા સાથે કહેવરાવો તો મહારાજ તમને પાસે રાખે.' કૃપાનંદ સ્વામીએ તરત જ કહ્યું : 'મહારાજ કાંઈ જાણતા નથી, અંતર્યામી પણ નથી, એમ માનું ને હું કુસંગી થાઉં તો મહારાજને કહેવરાવું.' આવી ઉચ્ચ સમજણની સ્થિતિવાળા તેઓ હતા. તેમનો મત જ્ઞાની થવું પણ પ્રેમી ન થવું. કારણ જ્ઞાન વિનાનો પ્રેમ હોય તો અનેક વિઘ્નો આવે છે.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **સુરાખાચર (૨૫/૭૪-૭૭) અથવા** લોયા ગામના સુરાખાચર શ્રીજીમહારાજના પરમ સખા સમગ્ર જીવન સત્સંગ પરાયણ. બોલવામાં કુશળ. સરળ સ્વભાવના. એક વખત સુરાખાચરના ઘરમાં ચોરોએ બાકોરૂં પાડી પટારો ચોરી ગયા. પરંતુ ભગવાન પોતાના અનન્ય ભક્તની રક્ષામાં તેથી પટારામાં વજન મૂકી દીધું. ચોરો પટારો ગામની ભાગોળથી વધુ દૂર લઈ જઈ શક્યા નહિ. પસાર થતા લોકોએ પટારો જોઈને કહ્યું આ તો સુરાખાચરનો છે. આથી સમાચાર આપ્યા. તેથી પત્ની શાંતિબાને કહ્યું : ''આપણો પટારો તો જવાનો જ હતો. પણ શ્રીજીમહારાજની દયાથી પાછો મળ્યો તેથી અડધી રકમ મહારાજની સેવામાં વાપરવી.'' આથી પટારો ઘેર આવતાં શાંતિબાએ મહારાજને બોલાવી લાવવા સુરાખાચરને કહ્યું. સુરાભક્તની ઈચ્છાથી લોયામાં શાકોત્સવ કર્યો. સાઠ મણ રીંગણાને ૧૨ મણ ઘીનો વઘાર કર્યો. સૌને પીરસીને મહારાજે સ્મૃતિ આપી. એકવાર જસદણ ગામના ઠાકોર સાહેબને સ્વામિનારાયણ પ્રત્યેના દ્વેષથી સુરાખાચરને ભ્રષ્ટ કરવા રાત્રે બાર વાગે એક વેશ્યા જેવી બાઈને મોકલી. તેણે દીકરાની માંદગીને દવાનું બહાનું કાઢી બારણું ખોલાવી આડીઅવળી વાતો કરી પ્રેમચેષ્ટા કરવા લાગી. તેઓ એકદમ સજાગ થઈ બાઈને હાકોટો કર્યોને ઊઘાડી તલવારે તેને ડરાવતા દ્વાર ઉઘાડી બહાર આવ્યા ને ઘોડી પર બેસી ગઢડા પહોંચ્યા. મહારાજે તેમને જતિની ઉપમા આપી. આવા હતા શ્રીજીમહારાજના પરમ ભક્ત સુરાખાચર.

૨. **મહિમા (૩૦/૮૯-૯૦)** શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. કર્તા, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, દિવ્ય અને સદા પ્રગટ છે. સર્વ દોષે રહિત, સર્વ માયિક ગુણે રહિત, નિર્દોષ અને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. તેઓ અક્ષરબ્રહ્મ, અક્ષરમુક્ત, માયા, ઈશ્વરો અને જીવો એ સર્વથી પર છે. સર્વના અંતર્યામી, સર્વના સ્વામી, સર્વના આધાર અને સર્વને ઉપાસના કરવા યોગ્ય છે. તેમને માયા કે માયાનું કાર્ય લેશમાત્ર અડતું નથી. આવી સ્પષ્ટ સમજણ સાથેનો દઢ નિશ્ચય કરવો તે પુરુષોત્તમ નારાયણનો દઢ મહિમા કહેવાય. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અનાદિ અક્ષરબ્રહ્મનો અવતાર છે. માયા, ઈશ્વરો અને જીવોથી પર છે. સર્વ જગતના કારણ આધાર અને દોષે રહિત છે. મુમુક્ષુઓના માટે ભક્તિનો આદર્શ છે. અક્ષરબ્રહ્મરૂપે થઈએ ત્યારે જ પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય અને સેવામાં રહેવાય તેવો મહિમા સમજવો. પોતાને મળ્યા જે પરમ એકાંતિક સંતના સ્વરૂપ દ્વારા જ મહારાજ પૃથ્વી ઉપર વિચરણ કરી મુમુક્ષુઓને સુખ દઈ કલ્યાણ કરી રહ્યા છે. તેમનામાં નખશિખ મહારાજ સમ્યક્ પ્રકારે રહ્યા છે. તેમનાથી અણુમાત્ર છેટા થતા નથી. તેમનું સ્વરૂપ દિવ્ય, નિર્દોષ અને માયારહિત સમજવું. જે મુમુક્ષુ જીવ તેમને મન, કર્મ, વચને નિર્દોષભાવે સેવે તે જ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ બ્રહ્મરૂપ થાય છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો આવો મહિમા સમજવો. ઉદ્ધવજી ગોપીઓનો જેવો મહિમા સમજતા તેવો મહિમા ભગવાનના ભક્તનો સમજવો. મહિમા સમજવાથી વેર ન બંધાય, સમગ્ર સત્સંગ દિવ્ય ભાસે, સંપ, સુહૃદયભાવ એકતાના ભાવે વર્તે, ધર્મમર્યાદા લોપાય નહિ, બીજા કરતાં અધિક વર્તે, ક્યારેય ધર્મમાંથી પડે નહિ, પોતાને કૃતાર્થ અને પૂર્ણકામ માને, મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે.

૩. **કલ્યાણ (૩૧/૯૦-૯૧) અથવા** કલ્યાણ એટલે મોક્ષ અથવા મુક્તિ. મોક્ષ એટલે મોહનો ક્ષય. પરમ એકાંતિક સંતના સેવા-સમાગમથી અનાદિ અજ્ઞાન અને કર્મબંધનમાંથી મુક્ત થઈ બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની સેવાના અધિકારી થવું તેનું નામ મુક્તિ અથવા કલ્યાણ. મુક્તિ એટલે પરમપદ અથવા ભગવાનના અક્ષરધામની પ્રાપ્તિ થવી. શ્રીજીમહારાજે પંચાળાના-૧લા કહ્યું છે કે 'પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક અને તેથી વચનામૃતમાં ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે તેમ કહ્યું છે. વચનામૃત સારંગપુરના ૧૧માં પણ દેવલોકને ભગવાનના અક્ષરધામની આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યો છે. કારણ દેવલોકમાં ભોગસુખ છે. તે અક્ષરધામનાં દિવ્યસુખ આગળ નરક તુલ્ય છે. દેવલોકમાં જન્મ મરણનો ચકરાવો રહે છે જ્યારે અક્ષરધામમાંથી પૃથ્વી પર પાછું આવવાનું રહેતું નથી અને ભગવાનના અપાર સુખ અને સેવાની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોમાં કલ્યાણ અનંત પ્રકારનું કહ્યું છે. પરંતુ આત્યાંતિક કલ્યાણ એ છે કે અક્ષરધામની પ્રાપ્તિ અને પુરુષોત્તમની અખંડ સેવા ને જન્મ મરણથી છુટકારો. આવું આત્યંતિક કલ્યાણ એ પરમ એકાંતિક સત્પુરુષ એટલે કે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સંગ થકી જ થાય છે. તેમના સંગે કરીને પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય થાય અને બ્રહ્મરૂપ થાય ત્યારે આત્યંતિક કલ્યાણ થાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ આ ચાર ગુણ પરમ એકાંતિક

સંતનો સંગ કરીને સિદ્ધ થાય ત્યારે જ આત્યાંતિક કલ્યાણ થાય. વર્તમાન કાળે એવા પરમ એકાંતિક સંત પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ છે તેમના સંગે કરીને જ આપણું આત્યંતિક કલ્યાણ થાય છે.

૪. **આજ્ઞા (૨૨/૬૫થી૬૮)** સર્વ સત્સંગીએ શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યા પ્રમાણે કરવું તે આજ્ઞા. મહારાજ પણ શિક્ષાપત્રીમાં કહે છે 'શિક્ષાપત્રી પ્રમાણે નહી વર્તે તે અમારા સંપ્રદાય થકી બહાર છે. ગણેશ અને કાર્તિકેયના દષ્ટાંતમાં પણ ગણેશે માતાની આજ્ઞા પ્રમાણે ગાયરૂપી પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં માતાજીનો રાજીપો અને કન્યા બેય મળ્યા. ભાદરાના ચાર કણબીઓએ મહારાજની આજ્ઞા પાળી તો મહારાજનું સુખ મળ્યું અને તેમના ખેતરો અકબંધ રહ્યાં. જયારે આજ્ઞા ન પાળનાર મહારાજના સુખથી વંચિત રહ્યા અને ખેતરો પણ ખલાસ થયા. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ભગતજી ગિરનારને બોલાવવા ગયા. જાગાસ્વામી સાંખડાવદરના બીડમાં સોળ દિવસ ખડ સાચવવા રહ્યા. તો નિરાવરણ દષ્ટિથી સમૈયા ઉત્સવ અને કથાવાર્તાનું સુખ મેળવ્યું. ઉપનિષદમાં સત્યકામ જાબાલી, આરુણી, ઉપમન્યુ વગેરેએ આજ્ઞા પાલનથી મેળવેલ સુખના દાખલા જોવા મળે છે. આપણે માટે મુખ્ય આજ્ઞા નિજાત્માનં બ્રહ્મરુપં છે. એકાંતિક સત્પુરુષ (પ્રમુખસ્વામી)ની આજ્ઞાઓનું દઢપણે પાલન કરી તેમનો રાજીપો મેળવવાથી સુખ મળે છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાકયમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કયા બે ભક્તો શ્રીજીમહારાજના સ્વભાવને યથાર્થ જાણતા હતા ? (૧૦/૨૯)
જ. મૂળજી બ્રહ્મચારી અને સોમલો ખાચર શ્રીજીમહારાજના સ્વભાવને યથાર્થ જાણતા હતા.

૨. સત્સંગીએ પોતાની આવકનો કેટલામો ભાગ કઈ પરિસ્થિતિમાં ઠાકોરજીને અર્પણ કરવો ? (૧/૩)
જ. સત્સંગીએ પોતાની આવકનો વીશમો ભાગ વ્યવહારે દૂબળો હોય તેવી પરિસ્થિતિમાં ઠાકોરજીને અર્પણ કરવો.

૩. શ્રીજીમહારાજે અમદાવાદના મહંત કોને કર્યા ? (૨૯/૮૯) જ. શ્રીજીમહારાજે અમદાવાદના મહંત સર્વજ્ઞાનંદ સ્વામીને કર્યા.

૪. વચનામૃત વિષે ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું છે ? (૧૨/૩૩) જ. વચનામૃત સિવાય બીજામાં માલ મનાય છે એ જ મોહ છે.

૫. ત્યાગીઓને ક્યારે દસ હજાર ગાયો માર્યાનું પાપ લાગે છે ? (૫/૧૪)
જ. જો ત્યાગી થઈને કોડી જેટલું પણ દ્રવ્ય પોતાનું કરીને રાખે અથવા રખાવે તો તેને દસ હજાર ગાયો માર્યાનું પાપ લાગે છે.

૬. ફગવાની વાત કયા ગ્રંથમાં, કયા પ્રકરણમાં આવે છે ? (૨૬/૭૭-૭૮)
જ. ફગવાની વાત ભક્તચિંતામણી ગ્રંથમાં ચોસઠમા પ્રકરણમાં આવે છે.

**પ્ર.૫** ''નંદ રાજાએ આખી પૃથ્વીનું .....'' (૨૭/૭૮) **- સ્વામીની વાત પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**''સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેળુ કર્યું ને પછી છેલ્લી વારે એમાંથી મોત થયું. ને ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીયું ભેળી કરી ને છેલ્લી વારે તેમાંથી દુઃખ થયું ત્યારે મૂકી. તે માર્ગ જ એવો છે.''**

આ જગતમાં સ્ત્રી અને ધન બેમાં સૌને સુખ જણાય છે. પણ ગુણાતીતાનંદ સ્વામી અહીં બે દષ્ટાંતો દ્વારા આ જગતના સર્વે સુખ નાશવંત છે અને તેમાંથી અંતે દુઃખ જ આવે છે તે સમજાવે છે. નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેગું કરવાનો વિચાર - વારાહ ભગવાન પ્રસન્ન - એક હાડકું મેળવ્યું - હાડકાના પ્રતાપે દરિયામાં માર્ગ - દ્રવ્ય બધું ત્યાં મૂકી આવે - પ્રજા પાસેથી બધું ધન મેળવ્યું - ખાતરી કરવા એક દોકડામાં ઊંટ વેચવા કાઢ્યું - મુસલમાન બાઈના દીકરાએ ઊંટ લેવા હઠ - ઘોર ખોદાવી દોકડા કાઢી ઊંટ અપાવ્યું - રાજાને ખબર - બધી ઘોર ખોદાવી ધન લઈ લીધું. - નારદજી આ લોભ કાઢવા - રાણીને કહ્યું - આગલી રાણી પર હેત - સાંજે રાજા આવી જમવા બેઠા - રાણીએ રાજાના અંગરખામાંથી હાડકું કાઢી ચૂલામાં - પછી રાજાને વાત - જૂની રાણી પર હેત તેથી હાડકું રાખતા હતા - ચૂલામાં નાખી દીધું - રાજા દુઃખી - આઘાત - ગમે તેટલું દ્રવ્ય - કામ ન આવ્યું. ચિત્રકેતુને કરોડ સ્ત્રી - પુત્ર ન હોવાથી દુઃખ - અંગિરા ઋષિ પ્રસન્ન - યજ્ઞની પ્રસાદી - કૃતદ્યુતિ રાણીને આપી - પુત્ર થયો - બીજી રાણીઓને ઈર્ષા - બાળકને ઝેર - રાજાને જે રાણીઓ સાથે હેત - તે જ રાણીઓ દુઃખરૂપ થઈ - ત્યાગ કર્યો ત્યારે શાંતિ. અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી જે કાંઈ સુખરૂપ જણાય છે તે અંતે દુઃખરૂપ થાય છે. એક ભગવાન સુખના સિંધુ છે. જેમાં દુઃખનો લેશ નથી. માટે ભગવાન અને સંતમાં જોડાવું પણ માયિક સુખમાં ક્યાંય લોભાવું નહિ.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષયઃ બંધિયાના ડોસાભાઈ (૨૮/૮૪)** જ. (૧, ૩, ૬, ૮, ૧૦)

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ :- કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. વહાલા તારી નાસિકા નમણી નાથ અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન જોયા જેવી ચાલ છે રે લોલ, વહાલા તારા દંત દાડમના બીજ ચતુરાઈ ચાવતા રે લોલ,
વહાલા મારા પ્રાણ હરો છો નાથ મીઠું મીઠું ગાવતા રે લોલ. (૨૧/૬૪)

૨. સ્વામિનારાયણ નામને પરહરિ, જાર ભજનાર સર્વે ખ્વાર થાશે;
કહે છે મુક્તાનંદ પ્રગટ ભજ પ્રાણિયા, અઘતણા ઓઘ તત્કાળ જાશે. (૬/૧૭)

૩. વહાલા તારું ઝળકે સુંદર ભાલ તિલક રૂડાં કર્યાં રે લોલ,
વહાલા તારા વામકરણમાં તિલ તેણે મનડાં હર્યાં રે લોલ (૨૧/૬૪)
વહાલા તારી ભ્રૂકુટિને બાણે શ્યામ કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ કે ચિત્ત મારા ચોરિયાં રે લોલ, (૨૧/૬૩)

૪. કેદી દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ; દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ.
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ; દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ. (૨૬/૭૮)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. હરયે નમઃ　　હરિકૃષ્ણાય નમઃ　　ઘનશ્યામાય નમઃ　　ધાર્મિકાય નમઃ
ભક્તિનંદનાય નમઃ　　બ્રૃહદ્વ્રતધરાય નમઃ　　શુદ્ધાય નમઃ　　રાધાકૃષ્ણોષ્ટદૈવતાય નમઃ (૧૫/૪૬)

૨. शिक्षार्थमत्र निजभक्तिमतां नराणाम् एकान्त - धर्ममखिलं परिशीलयन्तम् ।
अष्टाङ्गयोगकलनाश्च महाव्रतानि, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥ (૯/૨૪)

૩. **ગુજરાતી ભાષાંતર :** તે સાધુ ને બ્રહ્મચારી તેમણે, કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ, અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. (૩૨/૯૨)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''તું કહે તો આખા ભાદરા ગામને અક્ષરધામમાં હું લઈ જઉં !'' (૩/૮)

➫ મૂળજી ભક્ત - નથુ વાળંદને

➫ નથુ વાળંદે એકવાર કહ્યું કે 'રામચંદ્ર ભગવાન કેવા જબરા ? આખી અયોધ્યાને વૈકુંઠમાં લઈ ગયા ? ત્યારે મૂળજીભક્ત કહે છે.

૨. ''અહો શી કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ.'' (૧૯/૩૬)

➫ ગુણાતીતાનંદ સ્વામી - નિત્યાનંદ સ્વામીને

➫ ગઢપુરમાં રામાનુજ ભાષ્ય પર પુરાણીએ સુંદર કથા કરી ત્યારે મહારાજ તેમને ભેટયા અને બ્રહ્માનંદ સ્વામીના કહેવાથી સર્વે હાજર રહેલાને ભેટ્યા. આથી બીજે દિવસે કથામાં ભીડ વધી ગઈ. તેથી મહારાજના કહેવાથી નિત્યાનંદ સ્વામીએ જે કથામાં સમજતા ન હોય તેમને બીજે દિવસે આવવાની ના પાડી. ગુણાતીતાનંદ સ્વામીને જયારે નિત્યાનંદ સ્વામીએ પૂછયું ત્યારે તેઓ ઉત્તરરૂપે ઉપરનું વિધાન કહે છે.

૩. ''અમારા વૃદ્ધ સાધુ છે, ટાઢ ચડી છે, થોડાં ઈંધણાં આપશો ?'' (૩૭/૬૨,૬૩)

➫ ભગત - કઠિયારો અને તેની માને

➫ શિયાળાની એક સાંજે સ્વામી નારાયણ ધરે સંત-હરિભક્તો સાથે નાહીને ધરાનો અપાર મહિમા કહ્યો. રાત્રે ઠંડી શરૂ થતાં. સ્વામીએ તાપવાની ઈચ્છા જણાવી. તે સમયે રસ્તા ઉપર કઠિયારો અને તેની મા બેઠા હતા. તેની પાસે જઇ ભગત કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **હંસરાજ પટેલને પોતાની અવળાઈનું ફળ મળ્યું. (૪૧/૬૭)** ભાયાવદરના હંસરાજ પટેલના દીકરા વસ્તાને ભગવાન ભજવાની ઈચ્છા હતી. તેણે પિતાને સાધુ થવાની વાત કરી. જે હંસરાજ પટેલને ગમ્યું નહિ. તેઓ જૂનાગઢથી પરાણે વસ્તાને ઘેર લઈ ગયા. તેના પગમાં લાકડાની હેડ્ય નાખી ઓરડામાં પૂરી તાળું મારી દીધું. વસ્તો તો સ્વામિનારાયણનું ભજન કરતાં સ્વામીને સંભારવા લાગ્યો. સ્વામી ત્યાં પ્રગટ થયા. વસ્તાએ જૂનાગઢ લઈ જવા વિનંતી કરી અને વસ્તો નિરાવરણ થઈ જૂનાગઢ પહોંચી ગયો. વસ્તાને પાછો તેડી જવા હંસરાજ જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામીએ કહ્યું : વસ્તાને ભગવાન ભજવા દ્યો, તમારે બીજા ત્રણ દીકરા છે. વસ્તો ભગવાન ભજશે તેમાં તમનેય ભાગ મળશે. વસ્તો દેહ મૂકી દેશે તો શું કરશો ? છતાં હંસરાજ માન્યા નહિ. રાત્રે વસ્તાને તાવ આવ્યો અને દેહનો ત્યાગ કર્યો. આમ, હંસરાજ પટેલને પોતાની અવળાઈનું ફળ મળ્યું.

૨. **ખંભાતના નવાબ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને આવ્યા. (૩૩/૫૮)** સ્વામી ખંભાત પધારવાના હતા ત્યારે સૌ હરિભક્તો સ્વામીનું સ્વાગત કરવા નવાબ સાહેબનો રૂપાનો મ્યાનો માગી લાવ્યા પણ સ્વામી તેમાં બેઠા નહિ. આ વાતની નવાબને ખબર પડી ત્યારે નવાબે પૂછયું 'એવા એ કોણ છે ? અને ક્યાંના છે ? જે રૂપાના મ્યાનામાં ન બેઠા ને સાદા સિગરામમાં બેઠા ?' ત્યારે કોઈએ કહ્યું બાપુ ! એ તો જૂનાગઢના ગિરનારી સિદ્ધ છે ને બડા સમર્થ ઓલિયા પુરુષ છે.' તે સાંભળી ઉત્કંઠા થવાથી નવાબ સ્વામીનાં દર્શને આવ્યાં.

૩. **ગોપાળાનંદ સ્વામી બોલ્યા, 'ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો કહેવાય.'** (૩૦/૫૧) કારણ કે એમણે નાગરોની આટલી ઉપાધિમાં પણ મંદિર પૂરું કર્યું. મંદિરનો વહેવાર સુધાર્યો, આખા સોરઠ દેશમાં સત્સંગ ફેલાવ્યો, સાધુઓને ધર્મ-નિયમમાં વર્તાવ્યા, આચાર્ય રઘુવીરજી મહારાજને પણ રાજી કર્યા અને સાથે સાથે અખંડ કથાવાર્તા કરીને એક ક્ષણ પણ મહારાજની મૂર્તિને ભૂલ્યા નથી માટે એવા સદ્‌ગુરુ તો આખા સત્સંગમાં નથી. એ તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે અને ધન્વંતર વૈદ્ય જેવા છે.

૪. **આચાર્ય મહારાજનો આગ્રહ છતાં સ્વામી પત્તરમાં જમ્યા. (૪૯/૭૮-૭૯)** અમદાવાદમાં અયોધ્યાપ્રસાદજી મહારાજ બિમાર હતા. તેમને અશાંતિ રહેતી હતી તેથી સ્વામીને ખાસ તેડાવ્યા હતા. તેમનું વાજતે ગાજતે સામૈયુ કર્યું. સ્વામી મંદિરે દર્શન કરી આચાર્ય મહારાજને મળવા આવ્યા. આચાર્ય મહારાજને ખૂબ શાંતિ થઈ અને ખોરાક પણ લીધો. તેમના આમંત્રણથી સંતો સાથે સ્વામી હવેલીમાં જમવા પધાર્યા. સ્વામીએ પત્તર માંગ્યું. તેમના શિષ્ય બાળમુકુંદદાસ સ્વામી પત્તર લાવ્યા. આચાર્ય મહારાજે ચાંદીના થાળમાં જમવા પ્રાર્થના કરી સમ દીધા. સ્વામી કહે 'મહારાજની આજ્ઞા નથી તેથી અમારાથી ન જમાય.' આચાર્ય મહારાજ કહે 'તમારે કચરો અને કંચન સરખા છે તેથી જમાય.' ખૂબ વિનંતી કરી. સ્વામી કહે 'લાકડાના પત્તરરૂપી કચરામાં જમાય પણ રૂપાના થાળરૂપી કચરામાં ન જમાય.' મહારાજની આજ્ઞામાં રંચમાત્ર ફેર પડવા દીધો નહિ. આચાર્ય મહારાજના ખૂબ આગ્રહથી સ્વામી લાકડાનું પત્તર રૂપાના થાળમાં મૂકીને જમ્યા. આમ આગ્રહ છતાં પત્તરમાં જ જમ્યા. પરંતુ મહારાજની આજ્ઞામાં રંચમાત્ર ફેર પડવા દીધો નહિ.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **દર્શનનો ખપ (૭/૧૯)** સંવત ૧૮૬૮ની કૃષ્ણપક્ષની રાત્રિએ ઝરમર ઝરમર વરસાદ વીજળીના ઝબકારા અને મેઘના કડાકા સાથે વરસતો હતો. સૌ સંતો મહારાજના પ્રત્યક્ષ દર્શન અને સમાગમનું સુખ લઈ પોતપોતાના આસને પાછા ફર્યા હતા. એ વખતે ગુણાતીતાનંદ સ્વામી એક ઓરડાની ભીંતે જરા ઓથ હતી ત્યાં વરસાદથી કંઈક બચતા મહારાજનાં દર્શનની અભિલાષાએ ચકોરની માફક નેવા નીચે અર્ધભીંજાતા ઊભા હતા. એવામાં મુક્તાનંદ સ્વામી કંઈક કારણસર ઓરડા બહાર આવ્યા ને ત્યાં કોઈકને ઉભેલા જોઈ કોણ છે ? એવું પૂછ્યું, સ્વામીએ નમ્રભાવે ધીરેથી જવાબ આપ્યો કે, 'હું નિર્ગુણાનંદ, મહારાજ દરબારગઢમાં વાતો કરવા ગયા છે.' તે પાછા પધારે ત્યારે દર્શનની ઝાંખી થઈ જાય તે આશયથી અહીં ઊભો છું.' મહારાજના દર્શનની આવી તેમની તીવ્ર આસક્તિ જોઈ મુક્તાનંદ સ્વામી વિસ્મય પામી વિચારવા લાગ્યા કે, નથી દેહની દરકાર કે નિદ્રાની પણ જરૂર નથી ! મહારાજની મૂર્તિને અખંડ અંતરમાં દેખે છે તો પણ પ્રત્યક્ષ દર્શનની કેટલી તાણ છે? સ્વામી મોડી રાત સુધી અર્ધભીંજાયેલી સ્થિતિમાં શીતળ પવનથી ધ્રૂજતા ઊભા રહ્યા. મહારાજ દરબાર ગઢમાંથી ભગવદ્‌વાર્તા કરીને પાછા ફરતા હતા ત્યારે વીજળીના પ્રકાશમાં મહારાજનાં દર્શનની ઝાંખી કરી લઈ ઘેલાને કાંઠે ઝાડ નીચે જઈને સૂતા. પોતે મહારાજને અખંડ ધારી રહ્યા હોવા છતાં તેમને દર્શનની કેટલી તાણ હતી કે તેઓ દેહનો અનાદર કરતા. અહીં તેમની મહારાજ પ્રત્યેની પરાભક્તિના દર્શન થાય છે.

૨. **જૂનાગઢ મંદિરની મહંતાઈ આપી. (૨૪/૪૧)** વરતાલ સૌ સંત-હરિભક્તોની સભામાં મહારાજે જુદા જુદા મંદિરના મહંતની નિમણૂક કરી ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને ભલામણ કરી કે જૂનાગઢ મુસલમાની રાજ્ય છે. નાગર અમલદારો દ્વેષી અને શિવપંથી છે. વળી દેશ નિર્ધન અને જાડો છે. માટે ત્યાં આગળ વિચારીને મહંત નીમજો. ત્યારબાદ ગઢડા ચૈત્રી પૂનમના સમૈયામાં જૂનાગઢથી સ્વામી આવ્યા હતા. આ પ્રસંગે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને અધૂરી વાત યાદ કરાવતાં કહ્યું 'આજે આપણે જૂનાગઢ મંદિરના મહંત નીમવા છે ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો અને પોતાની કોટના બધા જ હાર સ્વામીને પહેરાવી બોલ્યા 'આ અમારા જૂનાગઢ મંદિરના મહંત.' સ્વામીએ આનાકાની કરી તો ગોપાળાનંદ સ્વામીએ કહ્યું 'મહારાજે રાજી થઈને હાર આપ્યો છે તો રાખો.' પછી મહારાજે કહ્યું આ ગોપાળાનંદ સ્વામી તમારું કામ ચલાવશે અને અખંડાનંદ બ્રહ્મચારી અને પરમાનંદ સ્વામી પણ મદદમાં રહેશે એમ કહી મહારાજે પોતાનો સઘળો પોશાક આપ્યો અને સ્વામીના માથે પોતાની પાઘ મૂકી આશીર્વાદ આપ્યા.

૩. **સ્વામી ઉપશમમાં (૩૪/૫૯)** એક દિવસ સભામાં મહાપૂજા થતી હતી. સ્વામી એકદમ ઉપશમમાં ઉતરી ગયા. કાંઈ બોલે નહિ, પોતાની મેળે ક્યારેક બોલે તો 'હે રાજા રહુગણ ! તું એકોવિદ છો.' આ સમાચાર ચારેબાજુ - સૌ સંતો હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યા. સ્વામી સામે અનિમિષ દૃષ્ટિ. ચોથે દિવસે ચાર વાગે ઠાકોરજી ઊઠ્યા. સ્વામી પોતાની મેળે ઊઠ્યા. સભામાં પોતાના આસને - સ્વામી 'આ ટાણે તમારાં સૌના મન મારા વિષે સ્થિર - તેવા જો અખંડ રહે તો તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. કપડાં વેંચતા વેપારીનું દૃષ્ટાંત આપી કહ્યું, 'બીજા સંતો અક્ષરધામથી મહારાજના સ્વરૂપના જ્ઞાનની ગાંસડીઓ લઈ આવ્યા. પણ પાત્ર કુપાત્રના વિચારમાં જ્ઞાનની ગાંસડીઓ પાછી અક્ષરધામ લઈ ગયા. અમે મહારાજના સર્વોપરી પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન, અક્ષરના સ્વરૂપનું જ્ઞાન પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વગર કહેવા માંડ્યું છે.' કોઈ સમજે કે ન સમજે પણ જાણશે તો ખરા કે સ્વામીએ આવું જ્ઞાન પ્રવર્તાવ્યું. પછી બોલ્યા. તમારી તમામ વૃત્તિનો નિરોધ કરી અમને જોઈ રહ્યા છો. એમ જો કાયમ રહે તો તમારી ગ્રંથિઓ ગળી જાય અને વાસનાનો નાશ થઈ જાય.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. 'આ અમારા તિલક' એમ કહી શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો શું મહિમા કહ્યો ? (૧૪/૩૦)

જ. ''હું જેવો કોઈ ભગવાન નથી, આ જેવા કોઈ સાધુ નથી.''

૨. ઉમરેઠની સભામાં કોણે કીર્તનો ગાયાં ? (૧૬/૩૨)

જ. ઉમરેઠની સભામાં ગુણાતીતાનંદ સ્વામીએ કીર્તનો ગાયાં.

૩. ભાદરા અને શેખપાઠની વચ્ચે શિવના દેરામાં કયા બે ભક્તો સત્સંગ કરતા ? (૨/૬)

જ. ભાદરા અને શેખપાઠની વચ્ચે શિવના દેરામાં મૂળજી ભક્ત અને લાલજી ભક્ત સત્સંગ કરતા.

૪. અંતિમ માંદગીના બિછાને શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને જોઈને કયું કીર્તન બોલ્યા ? (૨૬/૪૫)

જ. 'મીઠા વ્હાલા કેમ વિસરો, મારું તમથી બાંધેલ તન હો, તરસ્યાને જેમ પાણીડું વ્હાલું ભૂખ્યાને ભોજન હો.... મીઠા'

૫. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના જીવનની અંતિમ પધરામણી રાત્રે કોને ઘેર કરી ? (૫૦/૮૧)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના જીવનની અંતિમ પધરામણી રાત્રે માધવજી દવેને ઘેર કરી.

૬. શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને બીજા કયા નામથી બોલાવતા ? (૧૭/૩૨)

જ. શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને 'નિર્ગુણાનંદ'ના નામથી બોલાવતા.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- આ જ ભાવાર્થ હોવો જરૂરી નથી. પરીક્ષકે વિષયને અનુરૂપ ભાવાર્થ છે કે નહીં તે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

૧. **સદ્‌ગુરુ કોણ ? (૬/૧૭)** સંવત્ ૧૮૬૭ના ફાગણ માસમાં સારંગપુરમાં રાઠોડ ધાંધલને ત્યાં ફૂલદોલ ઉત્સવ - દેશોદેશથી સંત હરિભક્તોના મંડળો - રંગે રમવાની તૈયારી - અલૌકિક હેતુથી મહારાજ કબીરજીની હોરીનું પદ બોલવા લાગ્યા

જોગીઆ ટાળત જનમ કેરા ફાંસલા રે, પ્રેમના પ્યાલા જોગીઆ, જુગ જુગ જીવ સો જોગીઆ.

મહારાજ ગાય સંતો ઝીલે - આગળ મહારાજે ગાયું - કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ, કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કથે જ્ઞાન, ... સદ્‌ગુરુ ખેલે વસંત. આ કડી આવતાં મહારાજ પોતાની છડી સ્વામીની છાતીમાં અડાડી મુક્તાનંદ સ્વામી તથા આનંદ સ્વામીને બોલાવી પૂછ્યું, સ્વામી ! એવા સદ્‌ગુરુ કોણ ? ત્યારે સંતો કહે, આપ જ બીજું કોણ હોય ? ત્યારે મહારાજ કહે એ તો સદ્‌ગુરુનો મહિમા છે અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ. અને એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. આ કબીરજીના પદમાં તેમણે અક્ષરબ્રહ્મને જ સદ્‌ગુરુ સાહેબ કહ્યા છે. અમારી સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સદ્‌ગુરુરૂપે પ્રગટ થયા છે. આમ મહારાજના શ્રીમુખે સ્વામીનો અપાર મહિમા સંતોએ સાંભળ્યો - સંતોને સ્વામીનો મહિમા સમજાવવા માટે જ આવા પ્રસંગો મહારાજ ઊભા કરતા. **ભાવાર્થ** :-પરબ્રહ્મ જ બ્રહ્મની યથાર્થ ઓળખાણ કરાવવાને સમર્થ છે.

૨. **આજ્ઞાધારક (૯/૨૩)** એક વખત મુક્તાનંદ સ્વામી સુરતમાં સભા ભરીને બેઠા હતા, ત્યારે એક હરિભક્તે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, મહારાજ અત્યારે ક્યાં બિરાજતા હશે ? કારણ કે મહારાજ માટે વાંસ, આદુ અને તીખાંનું અથાણું મોકલવાની મારે ઈચ્છા છે. આથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું હમણાં તો મહારાજના કાંઈ સમાચાર નથી. પણ ગઢડે હશે. મારે પણ 'સતીગીતા' નામનું પુસ્તક પ્રસાદીનું કરવા મોકલવું છે. મુક્તાનંદ સ્વામીની ઈચ્છાથી ગુણાતીતાનંદ સ્વામી તરત જવા તૈયાર થયા. સાથે જોડમાં ગોદડિયા સંત શાંતાનંદ પરાણે જવા તૈયાર થયા. તે કહે 'તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ.' અથાણાંની ત્રણ બરણીઓ, 'સતીગીતા'નું પુસ્તક, એક સુંદર સાદડી અને બરફીની માટલી લઈ સ્વામી જવા તૈયાર થયા. સુરતના પ્રેમી હરિભક્તોએ પોતાના વતી મહારાજને ભેટવાની ભલામણ કરી. મહારાજને સંભારતા રાત દિવસ ચાલતા ચોથે દિવસે ઘેલા ને કાંઠે ઉતર્યા. દુકાળ હોવાથી મહારાજ છાના રહેતા. કોઈને મળતા નહિ. તપાસ કરતા નાજા જોગિયાએ ખબર આપી કે મહારાજ કારિયાણી પધારવાના છે. તમે ત્યાં પહોંચો સ્વામીએ કારિયાણી આવી મહારાજને સંદેશો મોકલ્યો. ગુણાતીતાનંદ સ્વામીનું નામ સાંભળતા જ મહારાજે તેમને હેતથી બોલાવ્યા. તે વખતે મહારાજ જમવાની તૈયારી કરતા હતા. ત્યારે સ્વામીએ બરફીને અથાણું મહારાજને ધર્યા. મહારાજે પ્રેમથી જમી સ્વામીને પ્રસાદી આપી. સ્વામી તો અનિમેષ દૃષ્ટિએ મહારાજની મૂર્તિનું સુખ લેતા થાકને ક્યાંય વિસરી ગયા. સુરતના હરિભક્તોનો સંદેશો આપ્યો એટલે મહારાજ ઢોલિયા ઉપરથી ઊઠીને સ્વામીને બાથમાં લઈને મળ્યા. સ્વામી હરિભક્તોનાં નામ લેતા લેતા મહારાજને મળ્યા. આમ બાવીસ વાર ભેટ્યા. મહારાજ ને બહુ શ્રમ ના પડે તેથી સંભારવાનું બંધ કર્યું. સાથે આવેલા શાંતાનંદ મહારાજને મળવા નજીક આવ્યા ત્યારે મહારાજે કહ્યું 'તમે પરાણે આવ્યા છો તેથી નહિ ભેટીએ.' સ્વામીએ ભલામણ કરી, 'મારી સાથે બરણી ઉપાડી સેવા કરી છે માટે ભેટો તો સારું,' ત્યારે સ્વામીની ઈચ્છાથી મહારાજ ભેટ્યા ખરા પણ બોલ્યા કે, 'બાવીસ વખત મળતા કઠણ ન પડ્યું તેટલું એકવાર મળતાં કઠણ પડે છે. કારણ કે આજ્ઞા વગર આવ્યા છો.' એમ કહી આજ્ઞા પાલનનો મહિમા સમજાવ્યો.

**ભાવાર્થઃ-** **(૧)** ગ.મ. ૫૧ના વચનામૃત પ્રમાણે 'આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. માટે ભગવાનને રાજી કરવા હોય તો તેમની અણુ જેટલી પણ આજ્ઞા લોપવી નહિ. ગુણાતીતાનંદ સ્વામી આજ્ઞા પાળીને આવ્યા. તેથી તેમની ઉપર મહારાજનો અતિશય રાજીપો થયો માટે આજ્ઞાનું દૃઢપણે પાલન કરવું. **(૨)** કોઈપણ કાર્ય ભગવાન અને મોટા સંતની ઈચ્છા અને આજ્ઞાથી કરીએ તો થોડું કાર્ય વધુ ફળ આપે. આજ્ઞા વગર વધારે કાર્ય કરીએ તો પણ તેનું ફળ જેવું તેવું મળે પણ ખરું અને ન પણ મળે માટે આજ્ઞાથી કાર્ય કરવું.

૩. **નિત્યાનંદ સ્વામીને કહેલો 'ગુડિયું વાળવાનો' પ્રસંગ (૨૯/૫૦-૫૧)** ચોમાસામાં નિત્યાનંદ સ્વામી જૂનાગઢમાં સ્વામીનો સમાગમ કરવા આવ્યા હતા. સ્વામી સભામાં તેમની પાસે જ વાતો કરાવતા. તેથી તેમણે સ્વામીને કહ્યું 'અમે તમારી વાતો સાંભળવા આવ્યા છીએ અને તમે તો મંદિરનું કામ કર્યા કરો છો.' ત્યારે સ્વામીએ કહ્યું બધાને મારી વાતો સદે તેવી નથી. તેથી નિત્યાનંદ સ્વામીએ કહ્યું તમે તો જોગી છો માટે તમારી વાતો તો સૌને સદે જ. ત્યારે સ્વામીશ્રી પૂર્વાશ્રમમાં બળદ ખરીદવા ગયેલા તે પ્રસંગ કહ્યો. તે એક ડોશી પાસે બે હતા. એકની કિંમત સાઠ કોરી અને બીજાની ત્રીસ કોરી કિમંત હતી. બંને ધોળિયા બળદ એક સરખા હતા, છતાં કિંમતમાં કેમ ફેર ? તે અમે પૂછ્યું. એટલે ડોશીએ કહ્યું : વધારે કિંમતનો બળદ છે તે મારી ગાયને સામો ધવડાવેલો વાછડો છે. તે ગમે તેટલો ભાર હશે પણ ગુંડિયું નહિ વાળે અને ઓછી કિંમતનો જે છે તે મેં વેચાતો આણ્યો છે, તેની મને ખાતરી નથી.' અમે બે બળદ ખરીદી લીધા એટલે સામા ધવડાવેલ બળદને ડોશીએ પગે લાગીને કહેવા લાગી 'મારો ખીલો લજવીશ નહિ.' એમ શ્રીજીમહારાજે આપણને સામા ધવરાવ્યા છે. રાત-મધરાત જોયાં નથી. વાતો કરી પોતાનો મહિમા સમજાવ્યો છે. દર્શન-પ્રસાદીનું સુખ આપ્યું છે. માટે હવે આજ્ઞા-ઉપાસનામાં ગુડિયું વાળવી નહિ. ગુડિયું વાળીએ તો મહારાજનો ખીલો લાજે. તે સાંભળી નિત્યાનંદ સ્વામી રાજી થયા.

**ભાવાર્થઃ-** પોતાની ગાયને ધવરાવેલ બળદ પર ડોશીને વિશ્વાસ હતો કે તે ક્યારેય ખીલો લજવશે નહિ. તેમ આપણે પણ ગુણાતીત ગુરુ દ્વારા સામા ધાવેલ હોઈ તો મહારાજનો ખીલો લાજે તેવું ક્યારેય ન કરવું જોઈએ.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨, ૩ (૧૬/૩૧-૩૨) ૨. ૧, ૨ (૪૧/૬૭) ૩. ૧, ૨ (૫૦/૮૦) ૪. ૨, ૩ (૨૨/૪૧)

❑ ❑ ❑